# આઈફોન-આઈપેડ પર થર્ડ-પાર્ટી એપ્સ માટે ડેટા સંમતિ પ્રક્રિયા બદલાશે

**જર્મની ખાતેના** સ્પર્ધા નિયમનકારના નિર્ણય બાદ એપ ટ્રેકિંગના નિયમોમાં એપલનો મોટો ફેરફાર

**યુઝરને કોઈ** ચોક્કસ વિકલ્પ પસંદ કરવા માટે પ્રભાવિત કરે તેવી ભાષા કે ડિઝાઇન ઘટાડવી પડશે

**સંદેશાઓ ભાષાકીય** અને દૃશ્યમાન રીતે વધુ તટસ્થ રાખવાના રહેશે જેથી યુઝર સ્વતંત્ર પસંદગી કરી શકે

ડિજિટલ યુગમાં વ્યક્તિગત માહિતી અને તેની ગોપનીયતા સૌથી મહત્વના મુદ્દાઓ બની રહ્યા છે. આવી સ્થિતિમાં એપલને એપ ટ્રેકિંગના નિયમોમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. જર્મનીની ફેડરલ કાર્ટેલ ઓફિસે લાંબી તપાસ બાદ તારણ આપ્યું છે કે એપલનું App Tracking Transparency (ATT) ફ્રેમવર્ક તેની પોતાની એપ્સને થર્ડ-પાર્ટી એપ ડેવલપર્સની સરખામણીએ વધુ અનુકૂળ સંમતિ પ્રક્રિયા આપતું હતું. આ વ્યવસ્થા સ્પર્ધાના નિયમોનું ઉલ્લંઘન કરી શકે છે, તેમ સત્તાધિકારીએ જણાવ્યું છે. હાલમાં આઈફોન અને આઈપેડ પર એપ્સને યુઝરના ડેટાનો ઉપયોગ ખાસ કરીને ટાર્ગેટેડ જાહેરાતો માટે કરવાની મંજૂરી મેળવવા માટે અલગ પ્રકારની સંમતિ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. જર્મન સત્તાધિકારીના નિર્ણય બાદ એપલે આ પ્રક્રિયાને વધુ સમાન અને પારદર્શક બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. નવી વ્યવસ્થામાં થર્ડ-પાર્ટી એપ્સ માટે દેખાતા સંમતિ સંદેશાઓમાં યુઝરને કોઈ ચોક્કસ વિકલ્પ પસંદ કરવા માટે પ્રભાવિત કરે તેવી ભાષા કે ડિઝાઈન ઘટાડવી પડશે. સંદેશાઓ ભાષાકીય અને દૃશ્યમાન રીતે વધુ તટસ્થ રાખવાના રહેશે, જેથી યુઝર પોતાની પસંદગી સ્વતંત્ર રીતે કરી શકે.

### ડેવલપર્સને મળશે વધુ લવચીકતા

આ ફેરફારથી ફેસબુકની પેરેન્ટ કંપની મેટા સહિત વિવિધ થર્ડ-પાર્ટી એપ ડેવલપર્સને પણ ફાયદો થઈ શકે છે. તેમને એપલ દ્વારા જરૂરી સંમતિ અને પોતાની ડેટા-પ્રોટેક્શન સંમતિ પ્રક્રિયાને વધુ સરળતાથી જોડવાની છૂટ મળશે. ડિજિટલ જાહેરાત ઉદ્યોગ માટે આ ફેરફાર મહત્વનો છે. ચોક્કસ યુઝર માટે યોગ્ય જાહેરાત દર્શાવવા માટે એપ્સ અને જાહેરાતદાતાઓને ડેટાની જરૂર પડે છે. વધુ ચોક્કસ ડેટાના આધારે દર્શાવાતી જાહેરાતો સામાન્ય જાહેરાતોની સરખામણીએ વધુ આવક ઊભી કરી શકે છે.



### યુરોપમાં વ્યાપક અસર

એપલે જણાવ્યું છે કે આ ફેરફારો યુરોપિયન યુનિયનના લગભગ તમામ દેશોમાં લાગુ પડશે. જર્મન સત્તાધિકારીના નિર્ણય બાદ એપલને ફેરફારો અમલમાં મૂકવા માટે સમય આપવામાં આવ્યો છે અને તેની પ્રતિબદ્ધતાઓનું આગામી સાત વર્ષ સુધી સ્વતંત્ર ટ્રસ્ટી દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે.આ સમગ્ર મામલો માત્ર એપલ અને ડેવલપર્સ વચ્ચેના વ્યવસાયિક સંબંધ પૂરતો સીમિત નથી. તે ટેકનોલોજી ક્ષેત્રમાં એક મોટા પ્રશ્નને સ્પર્શે છે–યુઝરની ગોપનીયતા અને ડિજિટલ જાહેરાત માટે જરૂરી ડેટા વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું? આવનારા સમયમાં વિશ્વભરના ટેક પ્લેટફોર્મ માટે આ સંતુલન વધુ મહત્વનું બનવાનું છે. યુરોપમાં એપલ સામે લેવાયેલું આ પગલું અન્ય દેશોના નિયમનકારો માટે પણ એક ઉદાહરણ બની શકે છે. યુઝરની સંમતિ ખરેખર સ્વૈચ્છિક, સ્પષ્ટ અને નિષ્પક્ષ છે કે નહીં, તેના પર હવે ટેક કંપનીઓની જવાબદારી વધુ કડક બનતી દેખાઈ રહી છે.

## TECH BITES

### એઆઈ વોઈસ એનાલિસિસથી ALSની વહેલી ઓળખ




કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) આધારિત વોઇસ એનાલિસિસ ALS જેવી ગંભીર ન્યુરોલોજીકલ બીમારીની વહેલી ઓળખમાં મદદરૂપ બની શકે છે. 'ડિસ્કવર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ'માં પ્રકાશિત અભ્યાસ મુજબ, સંશોધકોએ વોઇસ રેકોર્ડિંગ્સનું વિશ્લેષણ કરવા મશીન લર્નિંગ મોડલનો ઉપયોગ કર્યો હતો. ખાસ કરીને બલ્બર-ઓનસેટ ALS ધરાવતા દર્દીઓના અવાજમાં જોવા મળતા ફેરફારો ઓળખવામાં મોડલ સફળ રહ્યું હતું. અભ્યાસમાં AI મોડલે ALS ધરાવતા દર્દીઓ અને સ્વસ્થ લોકો વચ્ચે આશરે 96 ટકા ચોકસાઈથી તફાવત ઓળખ્યો હતો. જોકે, સંશોધનમાં ડેટાસેટ નાનું હોવાથી મોટા પ્રમાણમાં દર્દીઓના ડેટા સાથે વધુ સંશોધનની જરૂરિયાત છે. ભવિષ્યમાં આ ટેક્નોલોજી ઝડપી, સરળ અને બિનઆક્રમક સ્ક્રીનિંગ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.

### ફ્રેન્ચ પ્રેસ એસોસિએશનનો ગૂગલ સામે આક્ષેપ




ફ્રાન્સની પ્રેસ એસોસિએશન APIGએ ગૂગલ સામે પ્રકાશકોની સામગ્રીના કથિત અનધિકૃત ઉપયોગ અંગે ગંભીર આક્ષેપો કર્યા છે. એસોસિએશનના જણાવ્યા મુજબ, ગૂગલ પ્રકાશકોની વેબસાઇટ પર પ્રકાશિત સામગ્રીનો ઉપયોગ કરીને AI આધારિત સારાંશ તૈયાર કરે છે, પરંતુ તેના બદલામાં પ્રકાશકોને પૂરતી મંજૂરી કે વળતર મળતું નથી. APIGનો દાવો છે કે AI સારાંશના કારણે વપરાશકર્તાઓને મૂળ સમાચાર વેબસાઇટ પર જવાની જરૂરિયાત ઘટી શકે છે, જેના પરિણામે પ્રકાશકોના વેબ ટ્રાફિક પર નકારાત્મક અસર પડી શકે છે. એસોસિએશને ફ્રાન્સના નિયમનકારને આ મુદ્દે હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. આ વિવાદ AI યુગમાં કોપિરાઇટ, સામગ્રીના ઉપયોગ અને ડિજિટલ મીડિયાની આવક અંગેના નવા પ્રશ્નો ઊભા કરે છે.

### AIથી ઉત્પાદકતા વધે, પરંતુ કાર્બન ઉત્સર્જનનો ખતરો



કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ટેક્નોલોજી કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારવામાં મદદ કરી રહી છે, પરંતુ તેના કારણે પર્યાવરણ પર વધારાનો બોજ પડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. એક અભ્યાસ મુજબ, AIથી મળતા ઉત્પાદકતા લાભોના પરિણામે કેટલીક પરિસ્થિતિમાં લોકો અને સંસ્થાઓ વધુ ઊર્જાનો ઉપયોગ કરી શકે છે. સંશોધકોએ 64 વિવિધ પરિદૃશ્યોનું વિશ્લેષણ કરીને જણાવ્યું હતું કે AI આધારિત ઉત્પાદકતા વધવાથી નવીનીકરણીય ઊર્જાથી બચતી ઊર્જા કરતાં અશ્મિભૂત ઇંધણમાંથી થતું પ્રદૂષણ વધુ વધી શકે છે. અભ્યાસમાં અંદાજ વ્યક્ત થયો છે કે વાર્ષિક કાર્બન પ્રદૂષણમાં ઊર્જા ક્ષેત્રના કુલ વાર્ષિક ઉત્સર્જનના આશરે 1.5 ટકા જેટલો વધારો થઈ શકે છે. તેથી AI વિકાસ સાથે ઊર્જા કાર્યક્ષમતા અને સ્વચ્છ ઊર્જા પર ધ્યાન જરૂરી છે.

### ડિજિટ ઈન્ડિયાઝ ટોપ એપ્લાયન્સ એવોર્ડ્સ અર્પણ કરાયા




LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાએ ડિજિટ ઈન્ડિયાઝ ટોપ એપ્લાયન્સ એવોર્ડ્સ 2026માં વિવિધ કેટેગરીમાં 10 એવોર્ડ્સ મેળવી શાનદાર સફળતા નોંધાવી છે. TV, રેફ્રિજરેટર, એર કન્ડિશનર, વોશિંગ મશીન, માઇક્રોવેવ અને ડિશવોશર સહિતના પ્રોડક્ટ્સને સન્માન મળ્યું છે. ડિજિટ દ્વારા આયોજિત એવોર્ડ્સમાં પ્રોડક્ટ્સનું 150થી વધુ ટેક્નિકલ માપદંડો પર લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્વતંત્ર નિષ્ણાતોની જ્યુરીએ પણ ઉત્પાદનોનું મૂલ્યાંકન કર્યું હતું. LGના મેનેજિંગ ડિરેક્ટર હોંગ જુ જીઓને જણાવ્યું કે આ સન્માન ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને અનુરૂપ નવીન ટેક્નોલોજી પહોંચાડવાની કંપનીની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# મોબાઈલ ફોરેન્સિક્સ: ડિજિટલ યુગમાં ગુનાની તપાસ-પુરાવા શોધવાની આધુનિક વિજ્ઞાન શાખા

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ



આજના આધુનિક યુગમાં સ્માર્ટફોન એ માનવજીવનનું એક અવિભાજ્ય અંગ બની ચૂક્યું છે. બેંકિંગ, સોશિયલ મીડિયા, લોકેશન ટ્રેકિંગ હોય કે દૈનિક સંચાર દરેક બાબત અને કાર્યો મોબાઈલ દ્વારા સંચાલિત થાય છે, પરંતુ જેમ કહેવત છે કે સિક્કાની બે બાજુ હોય તેમ, જે ટેકનોલોજી આપણને સુવિધા આપે છે, તે જ ટેક્નોલોજી ક્યારેક ગુનાહિત પ્રવૃત્તિઓનું માધ્યમ પણ બને છે, આવી સ્થિતિમાં ડિજિટલ પુરાવા શોધવા અને તેને અદાલતમાં માન્ય કરાવવા માટે "મોબાઈલ ફોરેન્સિક્સ" વિજ્ઞાન અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.મોબાઈલ ફોરેન્સિક્સ એ માત્ર ટેકનોલોજી નથી, પરંતુ ન્યાય પ્રણાલીનો એક મજબૂત આધાર સ્તંભ છે, જેમ જેમ ટેકનોલોજી આગળ વધી રહી છે, તેમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ આધારિત ફોરેન્સિક ટૂલ્સ દ્વારા મોબાઈલ ફોરેન્સિક્સ વધુ ઝડપી અને ચોક્કસ બની રહ્યું છે. મોબાઈલ ફોરેન્સિક્સમાં તપાસ માટે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સૉફ્ટવેર અને હાર્ડવેર ટૂલ્સનો ઉપયોગ થાય છે, સેલેબ્રાઇટ યુએફઈડી, એનકેસ મોબાઈલ ઇન્વેસ્ટિગેટર, એમએસએબી એક્સ આર વાય અને 4) એફ ટી કે ઈમેજરનો ઉપયોગ થાય છે.

### મોબાઈલ ફોરેન્સિક્સ તપાસના મુખ્ય પાંચ તબક્કા

**તબક્કો ૧- સીઝર અને આઈસોલેશન**

ગુનાના સ્થળેથી મોબાઈલ કબ્જે કરતી વખતે જ ડેટા સુરક્ષિત કરવો પડે છે. ફોનને તુરંત ફેરાડે બેગ માં મૂકવામાં આવે છે અથવા અલ્ટ્રા-સિક્યોર મોડમાં મુકાય છે. આનાથી ફોનમાં વાઇફાઇ , બ્લૂટૂથ કે સેલ્યુલર નેટવર્ક પહોંચતું નથી, જેથી કોઈ દૂર બેસીને ફોનનો ડેટા વાઇપ ન કરી શકે.

**તબક્કો ૨ - ડેટા એક્વિઝિશન**

મૂળ ફોન પર તપાસ કરવાથી ડેટા બદલાઈ જવાનું જોખમ રહે છે. તેથી ફોનની એક આબેહૂબ ડિજિટલ કોપી અથવા બીટ બે બીટ કોપી બનાવવામાં આવે છે. આ એક પ્રકારની ડેટાને એક્સટ્રેક કરવાની પણ પ્રક્રીયા કહેવાય છે, તેના પણ ત્રણ પાસા છે,

1) લોજીકલ એક્સટ્રેક્શન : ઓપરેટિંગ સિસ્ટમ દ્વારા સામાન્ય રીતે દેખાતો ડેટા જેમકે કોન્ટેક્ટ્સ, એસએમએસ, ગેલરી ને એક્સટ્રેક્ટ કરવો.
2) ફાઈલ સિસ્ટમ એક્સટ્રેક્શન : ફોનની હિડન સિસ્ટમ ફાઇલો, ડેટાબેઝ અને લોગ્સ ને કાઢવા.
3) ફીઝીકલ એક્સટ્રેક્શન: આ સૌથી ઊંડાણપૂર્વકની પદ્ધતિ છે, જેમાં ફોનની મેમરી ચિપમાંથી ડીલીટ થયેલો અને એનક્રિપ્ટેડ ડેટા પણ "બિટ-બાય-બિટ" પધ્ધતિથી રિકવર કરી શકાય છે.

**તબક્કો ૩ - એક્ઝામિનેશન અને એનાલિસિસ**

રિકવર થયેલા ડેટામાંથી કેસને લગતી માહિતી શોધવામાં આવે છે. તમામ પ્રકારની ચેટ્સ નું પૃથ્થકરણ કરવામાં આવે છે . ઇન્ટરનેટ બ્રાઉઝિંગ હિસ્ટ્રી પણ તપાસવામાં આવે છે, તેમજ કોલ ડિટેલ્સ અને ટાઇમલાઇન પણ તૈયાર કરાય છે.

**તબક્કો ૪: રિપોર્ટિંગ અને ચેઈન ઓફ કસ્ટડી**

તપાસ અધિકારી એક વિગતવાર તકનીકી રિપોર્ટ તૈયાર કરે છે. જે અંતર્ગત ચેઇન ઓફ કસ્ટડી નું સખત પાલન થાય છે, એટલે કે, ફોન કોણે, ક્યારે, ક્યાંથી લીધો અને કયા સાધનોથી તપાસ કરી, તેનો સંપૂર્ણ લેખિત હિસાબ રાખવામાં આવે છે જેથી પુરાવો કોર્ટમાં પડકારી ન શકાય.

**તબક્કો ૫: પુરાવા કોર્ટમાં રજૂ કરવા**

ઉપરના ચાર તબક્કાઓ બાદ એક ફાઈનલ રીપોર્ટ ડ્રાફ્ટ કરીને તેને કોર્ટમાં રજૂ કરવામાં આવે છે.

### મોબાઈલ ફોરેન્સિક્સ એટલે શું?

મોબાઈલ ફોરેન્સિક્સ એ "ડિજિટલ ફોરેન્સિક સાયન્સ" ની એક વિશેષ શાખા છે.જે મોબાઈલ ફોન, ટેબ્લેટ, કે સ્માર્ટવોચ જેવા પોર્ટેબલ ઉપકરણોમાંથી કોઈપણ પ્રકારના પુર્વગત ડેટાને પુનઃપ્રાપ્ત, એકત્રિત , વિશ્લેષણ કરવા અને સાચવવા માટે મદદરુપ બને છે, જેથી તેને અદાલતમાં કાનૂની પુરાવા તરીકે રજૂ કરી શકાય. તેમાં માત્ર ફોનમાંથી પ્રાપ્ત થતા વર્તમાન ડેટા જ નહીં, પરંતુ ડીલીટ કરી નાખેલા મેસેજ, કોલ હિસ્ટ્રી, ચેટ્સ અને હિડન ફાઇલો પણ પુનઃપ્રાપ્ત કરવાની ટેક્નોલોજીનો સમાવેશ થાય છે.

### મોબાઈલ ફોરેન્સિક્સ શા માટે જરૂરી છે?

આજના ડિજિટલ યુગમાં ગુનાઓનું સ્વરૂપ બદલાયું છે, પણ તપાસનું સૌથી મોટું હથિયાર એક જ રહ્યું છે - મોબાઈલ ફોન. સાયબર ક્રાઈમ હોય કે પરંપરાગત ગુનો, મોબાઈલ હવે "ડિજિટલ સાક્ષી" બની ગયો છે. હત્યા-લૂંટથી લઈને યુપીઆઇ ફ્રોડ સુધી, દરેક કેસમાં મોબાઈલનો ડેટા પોલીસ માટે ચાવીરૂપ બને છે. ડિલીટ થયેલા મેસેજ-ફોટા પાછા મેળવવા, જીપીએસ અને સેલ ટાવરથી લોકેશન સાબિત કરવા, તેમજ બેંકિંગ વ્યવહારો ટ્રેક કરવા માટે મોબાઈલ ફોરેન્સિક આજે અનિવાર્ય બની છે. ટૂંકમાં, મોબાઈલ વિના આધુનિક ગુના તપાસ અધૂરી જ છે.

**1) ગુનાનો ભેદ ઉકેલવા :** હત્યા, લૂંટ, કિડનેપિંગ તેમજ છેતરપિંડી જેવા ગુનાઓમાં આરોપી અથવા પીડિતની છેલ્લી ઓનલાઇન પ્રવૃત્તિઓ જાણવા.

**2) ડીલીટ થયેલો ડેટા મેળવવા :** ગુનેગાર મોટે ભાગે પુરાવા નાશ કરવા માટે મેસેજ કે ફોટા ડીલીટ કરી દે છે, જે ફોરેન્સિક સાધનો વડે પાછા મેળવી શકાય છે.

**3) નાણાકીય ગડબડ :** યુપીઆઈ ફ્રોડ, બેંકિંગ સ્કેમ અને ઓનલાઇન છેતરપિંડીના કિસ્સામાં ડિજિટલ નાણાકીય વ્યવહારો શોધવા માટે પણ ઉપયોગી થાય છે.

**4) લોકેશન ટ્રેકિંગ :** ગુના સમયે આરોપી ક્યાં હતો , તે તેના જીપીએસ તેમજ સેલ ટાવર ડેટાથી સાબિત કરી શકાય છે.

### મુખ્ય ચાર પડકારો

**1) એનક્રિપ્શન :** આજના સ્માર્ટફોન એન્ડ-ટુ-એન્ડ એનક્રિપ્ટેડ હોય છે. પાસવર્ડ અથવા બાયોમેટ્રિક વગર ડેટા એક્સેસ કરવો ખૂબ મુશ્કેલ હોય છે.

**2) ડેટા વાઈપિંગ અને એન્ટી-ફોરેન્સિક્સ** : ગુનેગારો ડેટા કાયમ માટે નાશ કરવા સિક્યોર ઈરેઝર એપ્લિકેશન અથવા ક્લાઉડ વાઇપનો ઉપયોગ કરે છે.

**3) અસંખ્ય એપ્લિકેશન્સ:** અસંખ્ય સોશિયલ મીડિયા એપ્લિકેશન્સ જો ફોનમાં હોય તો, ડેટાના સ્ટોરેજ ફોર્મેટ અલગ હોવાથી તેને ડીકોડનો સમય લાગે છે.

**4) ક્લાઉડ સ્ટોરેજ :** ડેટા હવે ફોનની લોકલ મેમરીને બદલે ક્લાઉડ પર સેવ થાય છે, જેને મેળવવા માટે મંજૂરીઓની જરૂર

# વિવાદ વેચાય છે કે કન્ટેન્ટ? : OTTની દુનિયામાં વ્યૂઅરશિપના ગ્રાફનો વિવાદ

આજના ડિજિટલ યુગમાં OTT પ્લેટફોર્મ માત્ર મનોરંજનનું માધ્યમ નથી રહ્યું, પરંતુ ચર્ચા, ટ્રેન્ડ અને વિવાદનું પણ કેન્દ્ર બની ગયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક વેબ સિરીઝ, કોમેડી શો અને ફિલ્મો વિવાદોમાં સપડાયા છતાં તેમની લોકપ્રિયતામાં ઘટાડો થવાને બદલે વ્યૂઅરશિપમાં વધારો જોવા મળ્યો છે. સોશિયલ મીડિયાના યુગમાં "વિવાદ" હવે માત્ર નકારાત્મક ઘટના નથી, પરંતુ તે દર્શકોનું ધ્યાન ખેંચતું એક શક્તિશાળી પરિબળ બની ગયું છે. પહેલાં કોઈ ફિલ્મ કે શો અંગે વિવાદ સર્જાતો ત્યારે તેની અસર મર્યાદિત રહેતી હતી. આજે X (Twitter), Instagram, YouTube અને Facebook જેવા પ્લેટફોર્મના કારણે થોડા કલાકોમાં જ કરોડો લોકો સુધી ચર્ચા પહોંચી જાય છે. જ્યારે કોઈ શો પર વિરોધ થાય છે, ત્યારે અનેક લોકો માત્ર એ જાણવા માટે પણ તેને જોવાનું પસંદ કરે છે કે આખરે વિવાદ શા માટે થયો. પરિણામે વ્યૂઅરશિપમાં નોંધપાત્ર વધારો થાય છે.

### યુવા દર્શકો : ચર્ચા અને ટ્રેન્ડના મુખ્ય ચાલક

18થી 35 વર્ષની વયજૂથ OTT પ્લેટફોર્મનો સૌથી મોટો વર્ગ છે. આ પેઢી સોશિયલ મીડિયા પર ચર્ચા કરવામાં, અભિપ્રાય વ્યક્ત કરવામાં અને ટ્રેન્ડ અનુસરવામાં આગળ રહે છે.વિવાદાસ્પદ કન્ટેન્ટ અંગે લોકો સમર્થન અને વિરોધ બંને વ્યક્ત કરે છે, પરંતુ બંને સ્થિતિમાં કન્ટેન્ટની પહોંચ વધી જાય છે. આ જ કારણ છે કે ઘણી વખત વિવાદ શો માટે મફત પ્રમોશન સાબિત થાય છે.

### વિવાદથી વધતી OTT વ્યૂઅરશિપ : પડકારો અનેક

OTT પ્લેટફોર્મ પર કોઈ વેબ સિરીઝ, ફિલ્મ કે કોમેડી શો વિવાદમાં આવે ત્યારે તેની ચર્ચા સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાય છે. "આખરે મામલો શું છે?" જેવી ઉત્સુકતા દર્શકોને કન્ટેન્ટ જોવા પ્રેરિત કરે છે. વિવાદને કારણે મળતી મફત પબ્લિસિટી અને મીડિયા કવરેજ પણ વ્યૂઅરશિપ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સમર્થન અને વિરોધ બંને પક્ષે ચર્ચા વધતાં કન્ટેન્ટ વધુ લોકો સુધી પહોંચે છે. ખાસ કરીને યુવાનોમાં FOMO (Fear of Missing Out)ના કારણે ટ્રેન્ડિંગ શો જોવાની ઇચ્છા વધી શકે છે.જોકે, OTT પ્લેટફોર્મ માટે આ સ્થિતિ પડકારરૂપ પણ છે.



### દર્શકો શું ઈચ્છે છે? ગુણવત્તાસભર કન્ટેન્ટ

OTTના યુગમાં વિવાદ ઘણી વખત વ્યૂઅરશિપ વધારવાનું અસરકારક સાધન બની જાય છે. સોશિયલ મીડિયા પર થતી ચર્ચા, ટ્રેન્ડ અને વિવાદના કારણે કોઈ શો કે ફિલ્મને શરૂઆતમાં મોટી સંખ્યામાં દર્શકો મળી શકે છે. જોકે, લાંબા ગાળે માત્ર વિવાદના આધારે કોઈ કન્ટેન્ટ સફળ બની શકતું નથી.દર્શકોની પસંદગીનો આધાર આખરે ગુણવત્તા પર જ રહે છે. દર્શકો મજબૂત અને નવીન વાર્તા, ગુણવત્તાયુક્ત અભિનય અને શ્રેષ્ઠ નિર્માણ સાથે વાસ્તવિક અને પોતાના જીવન સાથે સંબંધિત વિષયો ઈચ્છે છે.

## જ્યારે AI પોતે જ બનશે વૈજ્ઞાનિક!

### OpenAI -Anthropicની ચેતવણી । બેફામ AI વિકાસ માનવજાત માટે તક-પડકાર

કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ક્ષેત્રે વિશ્વ અદભૂત ઝડપે આગળ વધી રહ્યું છે. ChatGPT બનાવનાર OpenAI અને Claude વિકસાવનાર Anthropic જેવી અગ્રણી કંપનીઓ હવે એક નવા પ્રશ્ન સામે ઊભી છે–જો AI એટલી ઝડપથી વિકસે કે તે પોતે જ વધુ શક્તિશાળી AI સિસ્ટમો વિકસાવવા લાગે, તો શું માનવ નિયંત્રણ જળવાઈ રહેશે? તાજેતરમાં બંને કંપનીઓએ અમેરિકી સરકારને વૈશ્વિક સ્તરે AI વિકાસ માટે સુરક્ષિત માળખું (Framework) અને આંતરરાષ્ટ્રીય સહકાર વિકસાવવાની અપીલ કરી છે. તેમનું માનવું છે કે AIની દોડ માત્ર ટેક્નોલોજીની નહીં, પરંતુ વૈશ્વિક સુરક્ષા, અર્થતંત્ર અને માનવ ભવિષ્યની દોડ બની ગઈ છે.વિશ્વમાં AI ક્ષેત્રે અમેરિકા અને ચીન વચ્ચે ભારે સ્પર્ધા ચાલી રહી છે. નવીનતા અને આર્થિક વિકાસ માટે ઝડપ જરૂરી છે, પરંતુ નિયંત્રણ વગરનો વિકાસ જોખમી પણ બની શકે છે. OpenAI અને Anthropicનું માનવું છે કે સરકારો, સંશોધકો અને ઉદ્યોગોએ મળીને એવા નિયમો તૈયાર કરવા જોઈએ, જે નવી શોધને અટકાવે નહીં, પરંતુ જોખમોને નિયંત્રિત રાખે.

### શું AI પોતે AI બનાવશે?

નવી પેઢીના AI મોડેલો હવે જટિલ સંશોધન, કોડિંગ અને સમસ્યાઓનું વિશ્લેષણ કરવાની ક્ષમતા ધરાવે છે. નિષ્ણાતોના મતે આવનારા સમયમાં AI સંશોધનનો મોટો હિસ્સો પણ AI દ્વારા જ થઈ શકે છે.આ પરિસ્થિતિમાં જો વિકાસની ગતિ માનવ દેખરેખ કરતાં વધુ થઈ જાય, તો સલામતી અને જવાબદારીના પ્રશ્નો વધુ ગંભીર બની શકે છે.

### શું છે મુખ્ય ચિંતાઓ?

AI પોતે વધુ શક્તિશાળી AI વિકસાવી શકે.
વિકાસની ગતિ માનવ નિયંત્રણથી બહાર જઈ શકે.
વૈશ્વિક સુરક્ષા અને સાયબર જોખમો વધી શકે.
આંતરરાષ્ટ્રીય નિયમો વિના AI સ્પર્ધા વધુ જોખમી બની શકે.
AI માનવ ઇતિહાસની સૌથી શક્તિશાળી ટેક્નોલોજી બની શકે છે. પરંતુ પ્રશ્ન માત્ર એટલો નથી કે AI કેટલું બુદ્ધિશાળી બનશે.